# સુરતમાં 2 કલાકમાં 4.41 ઇંચ વરસાદ, બેનાં મોત

**અમદાવાદ** શહેરમાં પણ વરસાદ ચાલુ

**મુંબઈમાં** વરસેલા અનરાધાર વરસાદ અને ટ્રેક ધોવાઈ જવાના કારણે રેલવે વ્યવહાર ખોરવાયો



**સુરત:** ગુજરાત અને મહારાષ્ટ્રમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. પાલઘર નજીક ટ્રેક પર પાણી ભરાતા મુંબઈ રેલ વ્યવહાર ઠપ થયો છે, જેના કારણે કર્ણાવતી અને જોધપુર-બાંદ્રા જેવી મુખ્ય ટ્રેનોને વલસાડ અને વાપીથી જ પરત ફેરવવાની ફરજ પડી છે. બીજી તરફ, છેલ્લા 24 કલાકમાં ગુજરાતના 164 તાલુકામાં ધબધબાટી બોલાવતા મેઘાવી માહોલ વચ્ચે અમરેલી જિલ્લાના રાજુલામાં આભ ફાટતાં 11 ઈંચ વરસાદ ખાબક્યો છે. ધાતરવડી નદીના ઘોડાપૂરે વડ ગામનો સુરક્ષા પાળો તોડી નાખતા ઘરો ધરાશાયી થવાની ભીતિ સેવાઈ રહી છે, જ્યારે તોફાની પવનથી 222 વીજપોલ ધરાશાયી થતાં ઉના-અમરેલીના 55 ગામમાં અંધારપટ છવાયો છે. કુદરતી આફતની આ ગંભીર સ્થિતિ વચ્ચે પાંચ તાલુકાની શાળાઓમાં રજા જાહેર કરાઈ છે. સુરતમાં ગાજવીજ સાથે ભારે વરસાદ શરૂ થયો છે. હવામાન વિભાગ દ્વારા આજે અત્યંત ભારે વરસાદની આગાહી સાથે ત્રણ જિલ્લા અને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં 'રેડ એલર્ટ' જાહેર કરાયું છે. તો આઠ જિલ્લામાં 'ઓરેન્જ એલર્ટ' અને સાત જિલ્લામાં ભારે વરસાદનું 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે. સવારના 6થી 14 વાગ્યા સુધીમાં 57 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં વલસાડના વાપીમાં 4 ઈંચ વરસાદ ખાબક્યો છે. સુરતમાં વીજળીના કડાકા-ભડાકા સાથે તૂટી પડેલા માત્ર એક કલાકના ધોધમાર વરસાદે સમગ્ર શહેરને ધમરોળી નાખ્યું છે, જેના કારણે અઠવાલાઈન્સ, કતારગામ, વરાછા અને અડાજણ સહિતના અનેક વિસ્તારો જળબંબોળ બની ગયા છે. રસ્તાઓ તળાવમાં ફેરવાઈ જતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સુરત-વલસાડ અને વાપી સ્ટેશનો પર હેલ્પ ડેસ્ક શરૂ

મુંબઈમાં વરસેલા અનરાધાર વરસાદ અને ટ્રેક ધોવાઈ જવાના કારણે રેલવે વ્યવહાર ખોરવાયો છે, જેના લીધે હજારો મુસાફરો અટવાયા છે. મુસાફરોની સુવિધા માટે સુરત, વલસાડ અને વાપી જેવા સ્ટેશનો પર સ્પેશિયલ હેલ્પ ડેસ્ક અને ખાસ એસટી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. પશ્ચિમ રેલવે દ્વારા સુરત-માલદા ટાઉન એક્સપ્રેસના સમયમાં ફેરફાર કરી તેને પોણા 7 કલાક મોડી (સાંજે 05:15 વાગ્યે) ઉપાડવાનું નક્કી કરાયું છે. જ્યારે અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ અને અજમેર-દાદર સહિતની 7 જેટલી ટ્રેનોને મુંબઈ પહોંચતા પહેલા જ અલગ-અલગ સ્ટેશનો પર ટૂંકાવી (શોર્ટ-ટર્મિનેટ) દેવાઈ છે. આ ઉપરાંત, મધ્ય રેલવેમાં ભૂસ્ખલનને કારણે અમદાવાદ-ચેન્નઈ સેન્ટ્રલ અને પુણે-ભુજ સહિતની ૩ ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરાયા છે. રેલવે પ્રશાસને મુસાફરોને ઘરની બહાર નીકળતા પહેલા ટ્રેનનું સ્ટેટસ ચેક કરી લેવા અપીલ કરી છે

### આ ટ્રેનોને મુંબઈ પહોંચતા પહેલા જ વિવિધ સ્ટેશનો પર ટૂંકાવી દેવાઈ

- 12932 અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસ: આ ટ્રેન માત્ર સુરત સુધી જ ચાલશે. ત્યારબાદ આ જ રેક ટ્રેન નંબર 12931 સુરત-અમદાવાદ એક્સપ્રેસ બનીને સાંજે 19:25 કલાકે સુરતથી પરત રવાના થશે.
- 12934 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ: આ ટ્રેન માત્ર વલસાડ સુધી જ દોડશે. વલસાડથી આ જ રેક ટ્રેન નંબર 12933 વલસાડ-અમદાવાદ એક્સપ્રેસ તરીકે સાંજે 16:25 વાગ્યે પરત ફરશે.
- 19002 સુરત-વિરાર: આ ટ્રેનને ઉમરગામ રોડ સ્ટેશન પર જ શોર્ટ-ટર્મિનેટ કરાઈ છે.
- 09705 જયપુર-બાંદ્રા ટર્મિનસ: આ ટ્રેનને ઉધના સ્ટેશને અટકાવી દેવામાં આવી છે.
- 12990 અજમેર-દાદર: આ ટ્રેનને નવસારી સુધી જ ચલાવવામાં આવી છે.
- 12479 જોધપુર-બાંદ્રા ટર્મિનસ: આ ટ્રેનને વાપી સ્ટેશને શોર્ટ-ટર્મિનેટ કરાઈ છે.
- 05183 આઝમગઢ-બાંદ્રા ટર્મિનસ: આ ટ્રેનને સંજાણ સ્ટેશન પર જ ટૂંકાવી દેવામાં આવી છે.

### ભૂસ્ખલનને કારણે આ ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરાયા

- 22920 અમદાવાદ-ચેન્નઈ સેન્ટ્રલ એક્સપ્રેસ (06.07.2026): આ ટ્રેન હવે તેના નિયમિત રૂટના બદલે સુરત-પાલધી-જલગાંવ-મનમાડ-દૌંડ થઈને દોડશે.
- 11092 પુણે-ભુજ એક્સપ્રેસ (06.07.2026): આ ટ્રેન દૌંડ-મનમાડ-જલગાંવ-પાલધી-સુરત થઈને આગળ જશે.
- 12298 પુણે-અમદાવાદ દુરંતો એક્સપ્રેસ (06.07.2026): આ ટ્રેન દૌંડ કોર્ડ-મનમાડ-ઇગતપુરી-કલ્યાણ માર્ગેથી ચલાવવામાં આવશે.

## આહવા, સાપુતારા, સુબિરમાં 6 ઇંચ, નદીઓ બની ગાંડીતૂર

**ત્રણ** રસ્તા પર કોઝ-વે પરથી પણી પસાર થતાં ત્રણેય રસ્તા વાહનવ્યવહાર માટે બંધ કરાયા



સાપુતારા: ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી ડાંગના આહવા, વઘઇ અને સુબિર તાલુકા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં ફરી એકવાર મેઘાનું તાંડવ જોવા મળ્યું છે, જેનાં કારણે અત્યાર સુધી લોકો માટે સુખાકારી સમાન ગણાતી લોકમાતાઓ (નદીઓ) હવે અતિવૃષ્ટિને કારણે ગાંડીતુર બની ગઈ છે. જિલ્લાના અમુક પંથકોમાં મધ્યમ તો કેટલાક વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદ ખાબકતા અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીઓ બંને કાંઠે વહેતી થઈ છે. નદીઓમાં પૂર જેવાં દૃશ્યો વચ્ચે જંગલ વિસ્તારમાં આવેલા વહેળા, કોતરો, ઝરણાં અને નાના-મોટા જળધોધ અખૂટ પાણીના જથ્થા સાથે વેગવંતા બની ગયા હતા. અવિરત વરસી રહેલા આ વરસાદને કારણે જિલ્લાના અનેક આંતરિક માર્ગો અને કોઝવેને વ્યાપક નુકસાન પહોંચ્યું છે, જ્યારે નદી કાંઠાનાં ખેતરોમાં ધોવાણ થવાના અહેવાલો પણ મળી રહ્યા છે.

રવિવારે મોડી રાતથી શરૂ કરીને સોમવાર દરમિયાન સાપુતારા, આહવા, વઘઇ, સુબિર, ચીંચલી, સાકરપાતળ, ભેંસકાતરી, કાલીબેલ, બરડીપાડા અને બોરખલ સહિતના પૂર્વપટ્ટી તેમજ સરહદીય પંથકોમાં અતિભારે વરસાદ નોંધાયો હતો. ડાંગ જિલ્લામાં સતત વરસાદના કારણે રવિવારે રાત્રે કોઝવે કમ પુલો અવરોધાયા હતા. વહેલી સવારે વરસાદ ઓછો થતા દિવસ દરમિયાન માત્ર વઘઈ તાલુકાના ત્રણ માર્ગો પર કોઝવે અને પુલ ઉપરથી પાણી ફરી વળતાં વાહનવ્યવહાર સલામતીના હેતુસર તાત્કાલિક બંધ કરવામાં આવ્યા છે. જેમાં માછળી-ચીખલા-દિવડિયાવન રોડ, ઘાંગડી-કાનત ફળિયા રોડ તથા ઘોડવહળ વી.એ. રોડનો સમાવેશ થાય છે. સંબંધિત વિભાગ દ્વારા વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યારે જ્યાં વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ નથી ત્યાં સ્થાનિકોને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. માર્ગોની સ્થિતિમાં સુધારો થતાં વાહનવ્યવહાર પુન: શરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ સાથે ગિરિમથક સાપુતારા ખાતેના સનરાઈઝ પોઇન્ટના ઘાટ માર્ગમાં ધસી પડેલા પથ્થરો અને માટીનો મલબો સ્થાનિક તંત્ર દ્વારા દૂર કરી દેવામાં આવ્યો છે..

ડાંગ જિલ્લાનાં ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાક દરમિયાન વઘઇ પંથકમાં 83 મિમી અર્થાત 3.32 ઈંચ, સાપુતારા પંથકમાં 153 મિમી અર્થાત 6.12 ઈંચ, સુબિર પંથકમાં 156 મિમી અર્થાત 6.24 ઈંચ, જ્યારે સૌથી વધુ આહવા પંથકમાં 161 મિમી અર્થાત 6.44 ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

## ખેડૂતોને ડુપ્લિકેટ ખાતર વેચ્યું છે તો હવે સીધા જેલમાં

**ડુપ્લિકેટ** ખાતર-બિયારણના કાળાબજારિયાઓ સામે PBM એક્ટ હેઠળ પ્રથમવાર 4ની અટકાયત

**વારંવાર** ગેરરીતિ કરનારાના માત્ર લાઇસન્સ જ નહીં, હવે જેલ પણ નિશ્ચિત: જીતુ વાઘાણી ●

ગાંધીનગર: ખેડૂતોને ડુપ્લિકેટ ખાતર અને બિયારણ વેચીને છેતરતા તત્ત્વો સામે રાજ્ય સરકારે હવે કડક વલણ અપનાવ્યું છે. માત્ર લાઈસન્સ રદ કે સ્થગિત કરવાની કાર્યવાહીથી આગળ વધીને હવે આવા ગેરરીતિ આચરનારાઓ સામે 'ધ પ્રિવેન્શન ઓફ બ્લેક માર્કેટિંગ એન્ડ મેઈન્ટેનન્સ ઓફ સપ્લાય ઓફ એસેન્શિયલ કોમોડિટી (PBM) એક્ટ-1980' હેઠળ સીધી જેલની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીના સીધા નિર્દેશ બાદ અમરેલી જિલ્લાના ડુપ્લિકેટ ડી.એ.પી. ખાતર કૌભાંડમાં સંડોવાયેલા ચાર આરોપી વેપારીઓને ડિટેઇન કરીને જેલ હવાલે કરવામાં આવ્યા છે. રાજ્યમાં પ્રથમ વખત ખાતર-બિયારણની ગેરરીતિના કેસમાં PBM એક્ટ હેઠળ આટલી કડક કાર્યવાહી થતાં કાળાબજારિયાઓમાં ફફડાટ ફેલાયો છે.

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ખેડૂતો સાથે છેતરપિંડી કરનારાઓને કોઈપણ સંજોગોમાં છોડશે નહીં. ખાતર અને બિયારણ જેવી આવશ્યક કૃષિ સામગ્રીમાં ભેળસેળ, કાળાબજારી અથવા ડુપ્લીકેટ માલ વેચનારાઓ સામે હવે માત્ર લાયસન્સ રદ કરવાની કાર્યવાહી પૂરતી મર્યાદિત નહીં રહે, પરંતુ વારંવાર ગેરરીતિ કરનારાઓને PBM એક્ટ હેઠળ જેલમાં મોકલવામાં આવશે. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ખંભાળા ગામમાં આવેલી 'શ્રી ફર્ટિલાઇઝર'માં તપાસ દરમિયાન ઈફકો કંપનીના નામની બનાવટી બેગમાં ભરેલા 299 બેગ હલકી ગુણવત્તાના ડી.એ.પી. ખાતરનો જથ્થો ઝડપાયો હતો. લેબોરેટરી પરીક્ષણમાં ત્રણેય નમૂના નિષ્ફળ જાહેર થયા હતા. તપાસમાં ખાતરના ખરીદી બિલ, સ્ત્રોતના પુરાવા અને સ્ટોક રજિસ્ટરમાં કોઈ નોંધ ન હોવાનું પણ બહાર આવ્યું હતું. તપાસ દરમિયાન સમગ્ર કૌભાંડના તાર જુદા જુદા જિલ્લાઓ સુધી પહોંચ્યા હતા. આરોપીઓ ખેડૂતોને ઈફકો અને ભારત ડી.એ.પી. જેવી જાણીતી કંપનીઓના નામે બનાવટી પ્લાસ્ટિકની બેગમાં અત્યંત હલકી ગુણવત્તાનું ખાતર ભરીને અસલી હોવાનું કહી વેચતા હતા. આ કેસમાં મહેશ ચોથાભાઈ જાપડિયા, જીગ્નેશ રમેશભાઈ ડાભી, વિજય ભરતભાઈ માલવીયા અને ભરતભાઈ ચીમનભાઈ ધાનાણી સામે PBM એક્ટ હેઠળ કાર્યવાહી કરીને તેમને ડિટેઈન કરવામાં આવ્યા છે.

## ચાર દિવસ ભારે વરસાદનું રેડ એલર્ટ, રાજુલા 11 ઈંચ વરસાદથી જળબંબાકાર

**777** લોકોનું સ્થળાંતર અને 60નું રેસ્ક્યુ, સરદાર સરોવરમાં જળસંગ્રહ 65 ટકા પહોંચ્યો

**NDRF**-SDRFની 35 ટીમો તૈનાત, માછીમારોને 9 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના

ગાંધીનગર : ગુજરાતમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસાએ હવે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. આજે સાંજે 6 વાગ્યા સુધીમાં રાજ્યના સરેરાશ 98 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો, જેમાં સૌથી વધુ સુરત સિટીમાં 4.41 ઈંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત વલસાડના વાપીમાં 4.13 ઈંચ, પારડીમાં 4.09 ઈંચ અને મહીસાગરના ખાનપુરમાં 3.86 ઈંચ વરસાદ નોંધાયો હતો. સુરતના કામરેજમાં 3.31 ઈંચ અને નર્મદાના સાગબારામાં 3.11 ઈંચ વરસાદ પડ્યો હતો. રાજ્યના અનેક તાલુકાઓમાં 1થી 3 ઈંચ વચ્ચે વરસાદ વરસતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. બીજી તરફ છેલ્લા 24 કલાક દરમિયાન સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસતાં અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ભારતીય હવામાન વિભાગે આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરતાં સમગ્ર વહીવટી તંત્રને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. ભારે વરસાદને પગલે નવસારી, જૂનાગઢ, તાપી, ડાંગ, ગીર સોમનાથ, પોરબંદર અને અમરેલી જિલ્લામાંથી અત્યાર સુધીમાં કુલ 777 નાગરિકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યા છે, જ્યારે પૂરના પાણીમાં ફસાયેલા 60 નાગરિકોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા NDRFની 10 અને SDRFની 25 મળી કુલ 35 ટીમોને સંવેદનશીલ જિલ્લાઓમાં તૈનાત કરવામાં આવી છે. ઉપરાંત NDRFની 4 અને SDRFની 8 ટીમોને રિઝર્વ રાખવામાં આવી છે. ભારે વરસાદ અને પવનના કારણે રાજ્યના 2,804 ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. ઊર્જા વિભાગે યુદ્ધના ધોરણે કામગીરી કરીને 2,738 ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કર્યો છે, જ્યારે બાકીના 66 ગામોમાં કામગીરી ચાલુ છે.

ભારતીય હવામાન વિભાગે 7થી 10 જુલાઈ દરમિયાન સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી, દમણ-દાદરા અને નગર હવેલી ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી તથા ભાવનગર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે. આગામી ચાર દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

દરિયામાં ભારે કરંટ અને ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને રાજ્યના તમામ માછીમારોને આગામી 9 જુલાઈ સુધી દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશન, ઓફશોર ટ્રફ અને અન્ય સક્રિય હવામાનીય પરિબળોના કારણે આગામી કેટલાક દિવસો સુધી સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા છે.

### રાજ્યમાં 98 તાલુકામાં વરસાદ સૌથી વધુ 4.41 ઇંચ સુરત સિટીમાં

સ્ટેટ ઇમરજન્સી કંટ્રોલરૂમના જણાવ્યા અનુસાર રાજ્યના 98 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ સુરત સિટીમાં 4.41 ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત વલસાડના વાપીમાં 4.13 ઈંચ, પારડીમાં 4.09 ઈંચ અને મહીસાગરના ખાનપુરમાં 3.86 ઈંચ વરસાદ વરસ્યો હતો. સુરતના કામરેજમાં 3.31 ઈંચ, નર્મદાના સાગબારામાં 3.11 ઈંચ, પાટણના રાધનપુર અને વલસાડના નાનાપોંઢામાં 2.99-2.99 ઈંચ વરસાદ નોંધાયો હતો. વલસાડના ઉમરગામમાં 2.76 ઈંચ, કપરાડામાં 2.56 ઈંચ અને વલસાડ તાલુકામાં 2.52 ઈંચ વરસાદ પડ્યો હતો. અમરેલીના સાવરકુંડલામાં 2.48 ઈંચ, નવસારીના ખેરગામમાં 2.32 ઈંચ, નર્મદાના ચિકદામાં 2.09 ઈંચ, તાપીના ડોલવણમાં 2.05 ઈંચ અને નવસારીના ગણદેવીમાં 2.01 ઈંચ વરસાદ નોંધાયો હતો. તાપીના ઉકાઈ અને વલસાડના ધરમપુરમાં 1.93-1.93 ઈંચ, ડાંગ જિલ્લામાં 1.89 ઈંચ તેમજ નવસારી તાલુકામાં 1.77 ઈંચ વરસાદ વરસ્યો હતો. વાવ-થરાદના રાહમાં 1.69 ઈંચ, ભાભરમાં અને નર્મદાના નાંદોદમાં 1.54-1.54 ઈંચ, સુરતના બારડોલી અને અંબિકામાં 1.50-1.50 ઈંચ તેમજ છોટાઉદેપુરના નસવાડી, વાવ-થરાદના સુઈગામ, સુરતના પલસાણા તેમજ નવસારીના જલાલપોર અને ચીખલીમાં 1.38-1.38 ઈંચ વરસાદ નોંધાયો હતો. સાબરકાંઠાના તલોદમાં 1.34 ઈંચ, ડાંગના વઘઈમાં 1.34 ઈંચ, સાબરકાંઠાના પોશીનામાં 1.30 ઈંચ, સુરતના ચોર્યાસીમાં 1.26 ઈંચ, તાપીના વાલોડમાં 1.14 ઈંચ, ડાંગના સુબીરમાં 1.10 ઈંચ, પાટણના સંતલપુરમાં 1.06 ઈંચ, નવસારીના વાંસદામાં 1.02 ઈંચ, સુરતના માંગરોળમાં 1.02 ઈંચ અને ભાવનગરના ગારીયાધારમાં 0.98 ઈંચ વરસાદ નોંધાયો હતો.

### રાજ્યનો છેલ્લા 24 કલાકનો વરસાદ

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના કુલ 164 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં 11 ઈંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે અન્ય તાલુકાઓ પૈકી અમરેલીના ધારીમાં 9.21 ઈંચ, ખાંભામાં 6.81 ઈંચ, ડાંગના સુબીરમાં 5.16 ઈંચ, અમરેલીના સાવરકુંડલામાં 5.04 ઈંચ, જાફરાબાદમાં 4.92 ઈંચ, ડાંગના આહવામાં 4.57 ઈંચ, સાબરકાંઠાના વિજયનગરમાં 4.49 ઈંચ, અમરેલીના બગસરામાં 4.29 ઈંચ તેમજ ગીર સોમનાથના ઉના અને અમરેલીના લીલીયામાં 4.21-4.21 ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત ભાવનગરના જેસરમાં 3.58 ઈંચ, નવસારીના ચીખલીમાં 3.27 ઈંચ, ભાવનગરના મહુવામાં 2.99 ઈંચ, વલસાડના વાપીમાં 2.95 ઈંચ, ભાવનગરના ગારીયાધારમાં 2.80 ઈંચ, તાપીના ડોલવણમાં 2.76 ઈંચ, ગીર સોમનાથના ગીર ગઢડામાં અને વલસાડના ઉમરગામમાં 2.72-2.72 ઈંચ, નવસારીના ગણદેવીમાં 2.64 ઈંચ, ગીર સોમનાથના કોડીનારમાં 2.60 ઈંચ, તાપીના વ્યારામાં 2.48 ઈંચ, સુરેન્દ્રનગરના ચુડામાં 2.17 ઈંચ, સુરતના અંબિકામાં અને વલસાડના કપરાડામાં 2.09-2.09 ઈંચ, તાપીના વાલોડમાં 2.05 ઈંચ, અમરેલી તાલુકામાં 2.01 ઈંચ તેમજ મહેસાણા તાલુકામાં 1.97 ઈંચ વરસાદ નોંધાયો હતો.


### રાજ્યનો સરેરાશ વરસાદ 17 ટકા પહોંચી ગયો

રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ 17 ટકા સુધી પહોંચી ગયો છે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં સૌથી વધુ 23 ટકાથી વધુ, દક્ષિણ ગુજરાત ઝોનમાં 20 ટકાથી વધુ, પૂર્વ-મધ્ય ગુજરાત ઝોનમાં 12 ટકાથી વધુ અને ઉત્તર ગુજરાત ઝોનમાં 10 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે કચ્છ ઝોનમાં હજુ માત્ર 0.42 ટકા વરસાદ નોંધાયો છે. ઉપરવાસમાંથી પાણીની સતત આવકને પગલે સરદાર સરોવર ડેમમાં હાલમાં 2.15 લાખ એમસીએફટી એટલે કે આશરે 65 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યના અન્ય 206 જળાશયોમાં પણ 2.09 લાખ એમસીએફટી પાણીનો સંગ્રહ થયો છે. રાજ્યના બે ડેમ સંપૂર્ણ ભરાઇ ગયા છે, જ્યારે 18 ડેમ 70 ટકાથી વધુ, 20 ડેમ 50 ટકાથી વધુ અને 49 ડેમ 25 ટકાથી વધુ ભરાયેલા છે. હાલ 6 ડેમ હાઈ એલર્ટ, 7 ડેમ એલર્ટ અને 7 ડેમ વોર્નિંગ લેવલ પર છે.

### સુડોકુ ૩૫૬૯ - 'શ્રુતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૮ | ૭ | ૬ | | ૩ | ૫ | |
| ૬ | | | ૧ | ૮ | | | | |
| | | | | | ૨ | ૧ | ૬ | ૮ |
| | | | ૮ | ૨ | ૪ | ૯ | | |
| | ૮ | | ૬ | | | | ૧ | |
| ૯ | ૭ | ૪ | | ૫ | ૧ | | ૨ | ૬ |
| ૩ | | ૫ | | | ૮ | | ૭ | |
| ૧ | ૨ | ૬ | | | ૩ | ૫ | | |
| | | | ૫ | ૧ | | ૨ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**શરદી**

વરસાદમાં ભીંજાઈ, પવન ખાતાં છીંક આવી શરદી શરૂ થઈ? ત્રિકટુ ચૂર્ણ ત્રણ ગ્રામ લઈ મધ સાથે ચાટો. દિવસમાં ત્રણ વાર લો. હૂંફાળું પાણી પીવું.

## પૂરક પરીક્ષાના ગુણ ચકાસણી માટે ઓનલાઈન અરજી 13 જુલાઈ સુધી કરાશે

ગાંધીનગર: ગુણચકાસણી માટેની ઓનલાઈન અરજી આજથી 6 જુલાઈ, બપોરે 2:00 વાગ્યાથી શરૂ થઈ, 13 જુલાઈ, 2026ના રોજ સાંજે 5:00 વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે. અરજીઓ માત્ર ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે. ધોરણ-10ના વિદ્યાર્થીઓ વેબસાઈટ ssc.gseb.org, ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ વેબસાઈટ sci.gseb.org તથા ધોરણ-12 સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ વેબસાઈટ hsc.gseb.org અથવા બોર્ડની સત્તાવાર વેબસાઈટ www.gseb.org પરથી ઓનલાઈન નોંધણી કરીને અરજી કરી શકશે. ગુણચકાસણીની ફી SBI ePay સિસ્ટમ મારફતે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, નેટ બેન્કિંગ અથવા 'SBI Branch Payment' વિકલ્પ દ્વારા દેશની કોઈપણ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાની શાખામાં જમા કરાવી શકાશે.

### શબ્દગુંફન - ૭૨૩૬ અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. પ્રકાશવાળું, પ્રભાવશાળી (૩)
૩. નાની ધજા (૩)
૫. વર્ણ, રંગ (૨)
૬. સરોવર, તળાવ (૩)
૭. દેવું, ઋણ (૩)
૯. સમાચાર (૩)
૧૧. ધ્વજ, વાવટો (૨)
૧૩. માણસ (૨)
૧૪. સરખી સપાટીનું (૪)
૧૬. કાપડ વગેરેના ટુકડા (૪)
૧૮. પરાજય (૨)
૧૯. દૂધ દહીંની પોપડી (૨)
૨૦. છળ, પ્રપંચ (૩)
૨૨. મંદ સ્મિત (૪)
૨૪. પ્રતિજ્ઞા (૨)
૨૫. શરીરની ઊંચાઇ (૨)
૨૬. અભિમાન, ગુમાન (૨)
૨૭. દાંત (૩)
૨૯. પવન (૨)
૩૦. સમૂહ (૩)
૩૧. દીવો (૩)
૩૨. પ્રત્યેક (૨)

**ઊભી ચાવી**

૧. વ્યાજનો દર (૩)
૨. કબૂલ કરવું (૩)
૩. પારકા પૈસા (૪)
૪. કાગડો (૨)
૫. કંટાળેલું (૨)
૮. કૃપા, દયા (૩)
૧૦. બચાવેલી રકમ (૩)
૧૨. અવસ્થા, સ્થિતિ (૨)
૧૩. આદમી (૨)
૧૪. પ્રમાણે, તાબે (૨)
૧૫. છલંગ (૩)
૧૬. શરીરની ઊંચાઇ (૨)
૧૭. ઘોડા-બળદની એક પ્રકારની ચાલ (૩)
૧૮. ફૂલો વગેરેની માળા (૨)
૧૯. કિનારો (૨)
૨૦. અન્નનો દાણો (૨)
૨૧. મજબૂતાઈપણું (૫)
૨૨. સહાય (૩)
૨૩. શરીર (૨)
૨૪. ઉત્સવનો દિવસ (૨)
૨૫. ઋણ, દેવું (૩)
૨૬. વીતી ચૂકેલું (૨)
૨૭. પર્વત કે સરોવર પરથી પડતો કુદરતી જળપ્રવાહ (૨)
૨૮. વાણી (૨)
૩૦. હાથ, વેરો (૨)



## આજનું પંચાંગ

**તા. 07/07/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** વદ: સાતમ: 13:26, કાલાષ્ટમી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 16
**યોગ :** શોભન **કરણ:** બાવલ
**નક્ષત્ર :** ઊ.ભા.:16:25 **રાશિ:** મીન (દ.ચ.ઝ.થ.)
**દિવસ :** સામાન્ય બુધ વક્રી મિથુનમાં 10:37થી નેપ્ચ્યુન વક્રી:16:26
**સુરતમાં સૂર્યોદય :** 06:04 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
**નવકારસી :** 06:52
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 27મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 21મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ,, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુકાળ: બપોરે 15:00 થી 16:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** લાંબી મુસાફરી ટાળવી. મન અશાંત રહે. ધર્મકર્મથી પણ શાંતિ ન મળે. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું.

**વૃષભ (બ,વ,ઉ,):** જીવનસાથી, સંતાન વગેરેનો સાથ મળે. આધુનિક શિક્ષણ અને ટેકનોલોજીનું જ્ઞાન મળે. નવા રોકાણથી લાભ.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરીમાં નવી જવાબદારી મળે. નવી નોકરીની તક ઊભી થાય. તમારી પ્રતિભાની કદર થાય.

**કર્ક (ડ,હ,):** બિનજરૂરી વિવાદ ટાળવા. નોકરીમાં સાવધાની રાખવી. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. આવક વધશે.

**સિંહ (મ,ટ,):** કોઇ ટીકાના ભોગ બનવાનું થાય. ધીરજ રાખવી. સીજનલ રોગો પરેશાન કરશે. ઉઘરાણી આવી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ,):** હરીફાઈ યુક્ત પરીક્ષામાં સફળતા મળે. વેપાર ધંધામાં વિસ્તાર થાય. દાંપત્યમાં તાલમેળ રહે.

**તુલા (ર,ત,):** નોકરીમાં ભૂતકાળમાં અનુભવ કામ આવે. સહકર્મીઓને મદદ કરવાની તક મળે. હરીફોથી સાવધાન.

**વૃશ્ચિક (ન,ય,):** આર્થિક સ્થિતિ સુધરે. કોઇ મોટી કંપની તરફથી નોકરીની ઓફર મળી શકે. લાંબા સમયથી ચાલતી સમસ્યાનું સમાધાન થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** જીદ પર ઊતરવું નહીં. નાણાંકીય બાબતે સાવધાન રહેવું. માન-અપમાનની ભાવનાથી દૂર રહેવું તકનો લાભ લેવો.

**મકર (ખ,જ,):** કામનો ભાર રહે. મિત્રોની મદદ મળે. પરિવારનો સાથ આત્મવિશ્વાસ વધારશે. વિરોધીઓથી સાવધાન.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઘરના કામમાં વ્યસ્ત રહેવાનું બને. નવા રોકાણમાં ધીરજ રાખવી. બાળકોના કેરિયરની ચિંતા સતાવે.

**મીન (દ,ચ,ઝ,થ,):** તમારી સલાહની કદર થાય. લોકોનાં કામ કરવાનો મોકો મળે.સમાજમાં માન વધશે.

### કોઈ પણ સાલમાં 06 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં માન મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. પણ કોઇ બનાવી જઇ શકે. નોકરી ધંધામાં હરીફો વધે. નવા રોકાણમાં ધીરજ રાખવી ઉઘરાણીની ચિંતા સતાવે. આરોગ્ય નરમ-ગરમ રહે. સંતાનોનાં કામ કેરીયર-અભ્યાસમાં પ્રગતિ થાય. નવા ઘર-વાહન, મકાનની યોજનામાં સફળતા મળે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં ભાગ્યનો સાથ મળે. વિદેશનાં કામમાં ગતિ આવે. ઉચ્ચ શિક્ષણ માટે વિદેશનાં કામ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. જાયદાદ, વારસા, જમીન બાબતે વિઘ્નો આવે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. વડીલો-મિત્રોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. આધુનિક ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાથી નવું શિખવા મળે. જૂન-જુલાઈ, સોમ, ગુરુ, 07, 16,25 તારીખે નવા કામ કરવાં, ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05, 14, 23 તારીખે નવાં કામ ટાળવો. લાલ અને લીલા રંગનો ઉપયોગ ટાળવો. કેતુ-ચંદ્રના ઉપાય કરવા.

## ગુજરાતમાં કોરિયન ટેકનોલોજીથી બનશે બે 'એર-ફિલ્ડ રબર ડેમ'

ગાંધીનગર,તા.6: ગુજરાતમાં જળસંચય અને સિંચાઈ ક્ષેત્રે પ્રથમવાર દક્ષિણ કોરિયન ટેકનોલોજી આધારિત અત્યાધુનિક 'એર-ફિલ્ડ રબર ડેમ'નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. છોટાઉદેપુર જિલ્લાના રાજવાસણા ખાતે હેરણ નદી પર રૂ.82.97 કરોડના ખર્ચે અને તાપી જિલ્લાના પાઠકવાડી ખાતે અંબિકા નદી પર રૂ.79.13 કરોડના ખર્ચે કુલ રૂ.162 કરોડથી વધુના ખર્ચે બે આધુનિક રબર ડેમ નિર્માણાધીન છે. આ બંને પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ હજારો હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળશે, ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે તેમજ પૂર અને નદીમાં જમા થતા કાંપની સમસ્યાનો પણ કાયમી ઉકેલ આવશે.જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા આ બંને મહત્ત્વાકાંક્ષી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. હાલ રાજવાસણા રબર ડેમનું આશરે 75 ટકા અને પાઠકવાડી રબર ડેમનું 90 ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે.

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના રાજવાસણા ગામ પાસે હેરણ નદી પર બની રહેલા રબર ડેમમાં 180 મીટર લાંબું અને 3.5 મીટર ઊંચું રબર બ્લેડર સ્થાપિત કરવામાં આવશે. આ પ્રોજેક્ટથી 3.50 મિલિયન ક્યુબિક મીટર (MCM) પાણીનો સંગ્રહ થશે અને આસપાસના 25 ગામોના 3,420 હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત નદીમાં જમા થતો કાંપ દૂર કરવાની સાથે ચોમાસામાં પૂર આવે ત્યારે ડેમને ડિફ્લેટ કરીને પાણીનો ઝડપી નિકાલ કરી શકાશે. ડેમની બંને બાજુ ફ્લડ પ્રોટેક્શન વોલ પણ બનાવવામાં આવી રહી છે અને આગામી 10 વર્ષ સુધી તેના સંચાલન અને જાળવણીની જવાબદારી પણ કોન્ટ્રાક્ટમાં સામેલ કરવામાં આવી છે.

બીજી તરફ તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામ નજીક અંબિકા નદી પર રૂ.79.13 કરોડના ખર્ચે જાપાનીઝ ડિઝાઈન આધારિત અદ્યતન એર-ફિલ્ડ રબર ડેમ બનાવવામાં આવી રહ્યો છે. સમતળ ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને પરંપરાગત બેરેજના બદલે આ આધુનિક ટેકનોલોજી પસંદ કરવામાં આવી છે. આ ડેમથી અંદાજે 650 હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળશે તેમજ આસપાસના કૂવા અને બોરના ભૂગર્ભ જળસ્તરમાં નોંધપાત્ર વધારો થશે.

આ પ્રોજેક્ટમાં વપરાતું વિશેષ પ્રકારનું રબર બ્લેડર દક્ષિણ કોરિયાથી આયાત કરવામાં આવ્યું છે, જ્યારે સમગ્ર ડેમની ડિઝાઈન જાપાનીઝ ધોરણો મુજબ તૈયાર કરવામાં આવી છે. 18થી 32 એમએમ જાડાઈ ધરાવતું આ રબર બ્લેડર 50 ડિગ્રીથી વધુ તાપમાનમાં પણ કાર્યક્ષમ રહેશે અને તેનો અંદાજિત આયુષ્યકાળ 30 વર્ષનો રહેશે. પાઠકવાડી રબર ડેમની સૌથી વિશિષ્ટ બાબત એ છે કે તેનું સંચાલન સંપૂર્ણપણે SCADA ઓટોમેશન સિસ્ટમથી થશે. કમ્પ્યુટર દ્વારા જ રબર બ્લેડરમાં હવા ભરવાની અને કાઢવાની પ્રક્રિયા નિયંત્રિત કરી શકાશે, જેના કારણે માનવબળની જરૂરિયાત ઓછી થશે અને ડેમનું સંચાલન વધુ કાર્યક્ષમ બનશે.